**ફોર્મ–એ**

सत्यमेव जयते

## વિરમગામના મહે. છઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ (એચ. એ.ઉપાધ્યાય) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જિ.અમદાવાદ.

**ચુકાદાની તા.૦૭/૦૪/૨૦૨૬**

પોકસો કેસ નં.૦૩/૨૦૧૮

(F.I.R.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)
દેત્રોજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નં.: ૦૨/૨૦૧૮
ગુનો: ઈ.પી.કો.ની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૩,૪ મુજબ.
પોલીસ સ્ટેશન:દેત્રોજ, જિ.અમદાવાદ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રીસરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી. પી.શ્રી એચ. આર. સોલંકી |
| આરોપી | મનાજી બળદેવજી ઠાકોર, ઉં.વ.૨૦,<br>રહે.: બામરોલી, તા.દેત્રોજ, જી.અમદાવાદ. |
| આરોપી તરફે | વિ. વકીલશ્રી એન.જે.મકવાણા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૧/૦૧/૨૦૧૮ |
| ફરિયાદની તારીખ | ૨૦/૦૧/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૧૨/૦૪/૨૦૧૮ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૬/૦૭/૨૦૧૮ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૧૮ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

**આરોપીની વિગત:–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જમીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસૂરવાર | શું સજા કરી | CRPCની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલાં છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મનાજી બળદેવજી ઠાકોર | ૧૩/૦૨/૧૮ | ૧૦/૦૮/૧૮ | ઈ.પી.કો.ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૩,૪ | શંકાનો લાભ | આખરી હુકમ મુજબ | ૫ મહીના ૨૮ દિવસ |

**ફોર્મ–સી**

**ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ:**

| અનુ. નં. | આંક | નામ | પુરાવોનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૮ | નવઘણભાઈ પોપટજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૨. | ૧૦ | મોડજી ખેંગારજીનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૩. | ૧૨ | મધુબેન ચતુરભાઈ દંતાણીનો સોગંદ ઉપરનો પુરાવો | સાહેદ |
| ૪. | ૨૨ | કનુજી મફાજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૫. | ૨૫ | રવાજી વરવાજી ઠાકોરનો સોગંદ ઉપરનો પુરાવો | પંચ સાહેદ |
| ૬. | ૨૬ | ભોગ બનનાર ગણપતભાઈ દંતાણીનો સોગંદ ઉપરનો પુરાવો | ભોગ બનનાર |
| ૭. | ૨૮ | જશોદાબેન ગણપતભાઈ દંતાણીનો સોગંદ ઉપરનો પુરાવો | ફરીયાદી |
| ૮. | ૩૫ | ડૉ.નિખીલભાઈ અંબાલાલ આનંદનો સોગંદ ઉપરનો પુરાવો. | તબીબ સાહેદ |
| ૯. | ૩૭ | ઉજમસીંહભાઈ ગોવિંદભાઈ શાહનો સોગંદ ઉપરનો પુરાવો | ત.ક.અમલદાર |

**ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજો:**

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨. | ૨૩ | ભોગ બનનારનાં કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામુ. |
| ૩. | ૨૪ | આરોપીનું શરીર સ્થિતીનું પંચનામુ. |

| | | |
|---|---|---|
| ૪. | ૨૭ | સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન |
| ૫. | ૨૯ | ફરીયાદ |
| ૬. | ૩૬ | ભોગ બનનારનાં મેડીકલ સર્ટીફીકેટસ |
| ૭. | ૩૮ | સુચીપત્ર |
| ૮. | ૩૯ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૯. | ૪૦ | ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નું નિવેદન લેવા પાઠવેલી યાદી |
| ૧૦. | ૪૧ | ભોગ બનનારની શારીરીક તપાસણી તથા જરુરી નમુના લેવા લખેલી યાદી |
| ૧૧. | ૪૨ | ફેરબદલી ફોર્મ |
| ૧૨. | ૪૩ | કલમ ઉમેરો કરવા લખેલ રીપોર્ટ |
| ૧૩. | ૪૪ | મુદ્દામાલ રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૪. | ૪૫ | એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ |

## – : : મુદ્ધામાલ : : –

| **અનુ.નં.** | **મુદ્ધામાલ** | **વર્ણન** |
|---|---|---|
| **મુદ્ધામાલ પાવતી નં. 1/2/2018, MP/1 Dt.13/02/2018** | | |
| ૧. | (૧) એક ટોપ પોપટી કલરનું જેના ગળાની ફરતે લાલ, વાદળી તથા પીળા કલરના ભરત વાળુ જેમાં જોતાં કોઈ નોંધ પાત્ર નિશાનો જણાતા નથી. જે ટોપ એક કાપડની બેગીમાં સીલબંધ છે તે. માર્ક એ.<br><br>(૨) એક ગુલાબી કલરની લેગીજ જુના જેવી લંગોટના ભાગે તથા તેના કમરના ભાગે તુટેલી જેના ઉપર જોતાં લંગોટના ભાગે દાગ પડેલ છે. જે લેગીજ એક કાપડની બેગીમાં સીલબંધ છે તે. માર્ક–એ–૧.<br><br>(૩) એક સફેદ કલરનો લાલ વાદળી ટપકી જુના જેવો શર્ટ જેના ઉપર જોતાં હાલ કોઈ નોંધપાત્રીનશાનો જણાતા નથી. જે શર્ટ એક કપડાની બેગીમાં શીલબંધ છે તે. માર્ક–બી.<br><br>(૪)એક જીન્સ પેન્ટ વાદળી કલરનું જુના જેવુ જેના ઉપર જોતાં કોઈ દેખીતા નિશાન જણાતા નથી. જે પેન્ટ એક કપડાની બેગીમાં સીલબંધ છે તે. માર્ક–બી–૧. | |

**<u>-::જજમેન્ટ::-</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૦૧/૨૦૧૮ ના કલાક ૧૮:૦૦ વાગે બામરોલી ગામેથી ફરીયાદીના ઘરેથી ફરીયાદીની સગીર વયની દીકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ વિજયનગર તાલુકો, જી.સાબરકાંઠાના ચિતરીયા ગામે લઈ જઈ બળાત્કાર કરી ગુનો કરી, આરોપીએ ઈ. પી. કો. ની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ-૩, ૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે અન્વયેનો ગુનો દેત્રોજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૦૨/૨૦૧૮ થી રજિસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યાર બાદ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીએ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો નોંધી આરોપી સામે પ્રથમ દર્શનીય પુરાવો જણાય આવતો હોઈ આરોપી સામે નામ.કોર્ટમાં ઉપર મુજબ ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ઉપરોક્ત મુજબની ફરિયાદ ફરિયાદીએ લખાવ્યા મુજબ દેત્રોજ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીશ્રીએ લખી લઈ તે આધારે ગુનો રજિસ્ટર્ડ કરી, આગળની કાર્યવાહી કરી તપાસનાં અંતે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.ની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ-૩, ૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરવામાં આવેલું.

(૩) ત્યાર બાદ નામદાર કોર્ટ દ્વારા આરોપીને C.R.P.C.ની કલમ-૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આરોપીને મળી ગયેલાંની ખાતરી કરેલ તથા પોક્સો એક્ટની જોગવાઈ અન્વયે ફરિયાદીને પણ નોટિસ કાઢી C.R.P.C.ની કલમ-૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળની નકલો આપવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામના આરોપી જામીન મુકત હોઈ આરોપીને સમન્સ કાઢતાં તેની બજવણી થતાં આરોપી હાજર થયેલાં. જે અન્વયે નામદાર કોર્ટ દ્વારા **આંક-૦૬** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ, તેમજ આરોપીનું **આંક-૦૭** અન્વયે નિવેદન લેતાં આરોપીએ ગુનો

કર્યાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ ટ્રાયેબલ તરીકે શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ સિવાય ફરિયાદ પક્ષે વિશેષ કોઈ પુરાવો રજૂ થયેલ નથી અને ફરિયાદ પક્ષ વધુ પુરાવો આપવા માંગતા ન હોય **આંક–૪૮** અન્વયે રજૂ થયેલ કલોઝીંગ પુરસીસને આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ અને કોર્ટ સમક્ષ રજૂ થયેલ પુરાવો લક્ષ્યમાં લેતાં આરોપી વિરુદ્ધ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જે અન્વયે આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને સમગ્રપણે ઈન્કાર કરેલ અને તેઓ નિર્દોષ છે, તેઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે. ત્યાર બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકી તેમજ આરોપી તરફે વિ. વકીલશ્રીને સાંભળ્યા.

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી એચ. આર. સોલંકીએ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપીએ ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી ઉંમર ૧૭ વર્ષ ૭ મહીના નાઓને ફરિયાદીના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ ભોગ બનનાર સાથે બળાત્કાર કરી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. વધુમાં, સદર કામે તપાસ કરનાર અમલદારના સોગંદ ઉપરના પુરાવામાં પંચનામા તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સાબીત થયેલ છે. તેવી જ રીતે આ કામે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પ્રકારના મેડીકલ પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ થાય છે. જેથી આરોપીએ પોક્સો એક્ટ અન્વયે ગંભીર ગુનો કરેલો હોય સજા કરવા રજૂઆત કરેલી છે.

(૭) સદર કામે આરોપી તરફે વિ. વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે પંચનામાં રજુ કરવામાં આવેલા છે પરંતુ સદર પંચનામાનાં પંચ સાહેદોને ફરીયાદ પક્ષ ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. જેથી સદર પંચનામાં સાબીત થયેલ નથી. તેમજ સદર કામના મુખ્ય સાક્ષી કહી શકાય તે ખુદ ભોગ બનનાર તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં, તેણી ઘરે કહયા વગર જાતે જ ઘરેથી જતી રહેલી. તેણી કોઈ ઈસમ સાથે ઘરની બહાર કયારેય ગયેલ નહી. ઘર છોડીને તેની સાથે કયાંય રોકાયેલી નહી તેમજ આવા કોઈ

યુવકે તેની સાથે રહીને શરીર સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નહી. તેણીને કોઈપણ પ્રકારની લાલચ કે પ્રલોભન આપેલ હોય તેવુ પણ બનેલ નહી. તેમજ તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમના કપડા કબ્જે કરેલા કે કેમ તે તેમને યાદ ન હોવાની હકીકત જણાવે છે. આમ, ભોગ બનનાર ખુદ ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી. આ કામે મેડિકલ એવિડન્સ માત્ર સાંયોગિક પુરાવો ગણી શકાય, જેથી માત્ર તેના પર આધાર રાખીને આરોપીને સજા થઈ શકે નહિં. જે સંજોગોમાં આરોપી વિરુદ્ધનો કેસ શંકારહિત પુરવાર થતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

**(૮)** ઉપરોક્ત હકીકતોને લક્ષમાં લેતાં મારી સમક્ષ નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

## **– : : મુદ્દાઓ : : –**

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૧/૦૧/૨૦૧૮ ના કલાક ૧૮:૦૦ વાગે બામરોલી ગામેથી ફરીયાદીના ઘરેથી ફરીયાદીની સગીર વયની દીકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ વિજયનગર તાલુકો, જી.સાબરકાંઠાના ચિતરીયા ગામે લઈ જઈ બળાત્કાર કરી ગુનો કરી, આરોપીએ ઈ. પી. કો. ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૩, ૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :**

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

## **– : : નિર્ણયના કારણો : : –**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૧૦)** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ન્યાય શાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લેતાં ફોજદારી કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ આરોપી વિરુદ્ધ વ્યાજબી શંકાથી પર અને સચોટપણે પુરવાર કરવાનો હોય છે.

## (૧૧) કલમ–૩૬૩: અપહરણ કરવા બાબત:

**SECTION 363 : Punishment for kidnapping**

Whoever kidnaps any person from India or from lawful guardianship, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

## (૧૨) કલમ–૩૬૧: કાનૂની વાલીપણામાંથી અપહરણ:

**SECTION 361 : Kidnapping from lawful guardianship**

Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian, is said to kidnap such minor or person from lawful guardianship.

Explanation. - The words "lawful guardian" in this section include any person lawfully entrusted with the care or custody of such minor or other person.

Exception. - This section does not extend to the act of any person who in good faith believes himself to be the father of an illegitimate child, or who in good faith believes himself to be entitled to lawful custody of such child, unless such act is committed for an immoral or unlawful purpose.

## (૧૩) કલમ–૩૬૬: કોઈ સ્ત્રીને લગ્ન, વગેરે કરવાની ફરજ પાડવા માટે તેનું અપહરણ કરવા, અપનયન કરવા અથવા દબાણ કરવા બાબત:

**SECTION 366 : Kidnapping, abducting or inducing woman to compel her marriage, etc.**

Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she will be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse, or knowing it to be likely that she will be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine;

and whoever, by means of criminal intimidation as defined in this Code or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall be punishable as aforesaid.

## (૧૪) ઈ.પી.કો.કલમ–૩૭૫ બળાત્કાર :

**SECTION 375 : Rape**

A man is said to commit "rape" if he -

(a) penetrates his penis, to any extent, into the v agina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a pact of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the yagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person,

under the circumstances falling under any of the following seven descriptions: -
First. - Against her will.

Secondly. - Without her consent.

Thirdly. - With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

Fourthly. - With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married.

Fifthly. - With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.

Sixthly. - With or without her consent, when she is under eighteen years of age.
Seventhly. - When she is unable to communicate consent.

Explanation 1. - For the purposes of this section, "vagina" shall also include labia majora.

Explanation 2. - Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

## (૧૫) કલમ–૩૭૬ : બળાત્કાર માટેની શિક્ષા:

**SECTION 376 : Punishment for rape**

(1) Whoever, except in the cases provided for in sub-section (2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which 269

"shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

(2) Whoever, -

(a) being a police officer, commits rape -

(i) within the limits of the police station to which such police officer is appointed; or

(ii) in the premises of any station house; or

(iii) on a woman in such police officer's custody or in the custody of a police officer subordinate to such police officer; or

(b) being a public servant, commits rape on a woman in such public servant's custody or in the custody of a public servant subordinate to such public servant; or

(c) being a member of the armed forces deployed in area by the Central or a State Government commits rape in such area; or

(d) being on the management or on the staff of a jail, remand home or other place of custody established by or under any law for the time being in force or of a women's or children's institution, commits rape on any inmate of such jail, remand home, place or institution; or

(e) being on the management or on the staff of a hospital, commits rape on a woman in that hospital; or

(f) being a relative, guardian or teacher of, or a person in a position of trust or authority towards the woman, commits rape on such woman; or

(g) commits rape during communal or sectarian violence; or

(h) commits rape on a woman knowing her to be pregnant; or

(i) *** [Omitted by THE CRIMINAL LAW (AMENDMENT) ACT, 2018 NO. 22 OF 2018 [11th August, 2018.]

(j) commits rape, on a woman incapable of giving consent; or

(k) being in a position of control or dominance over a woman, commits rape on such woman; or

(l) commits rape on a woman suffering from mental or physical disability; or

(m) while committing rape causes grievous bodily harm or maims or disfigures or endangers the life of a woman; or

(n) commits rape repeatedly on the same woman,

shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine.
Explanation. - For the purposes of this sub-section, -

(a) "armed forces" means the naval, military and air forces and includes any member of the Armed Forces constituted under any law for the time being in force, including the paramilitary forces and any auxiliary forces that are under the control of the Central Government or the State Government;

(b) "hospital" means the precincts of the hospital and includes the precincts of any institution for the reception and treatment of persons during convalescence or of persons requiring medical attention or rehabilitation;

(c) "police officer" shall have the same meaning as assigned to the expression "police" under the Police Act, 1861 (5 of 1861);

(d) "women's or children's institution" means an institution, whether called an orphanage or a home for neglected women or children or a widow's home or an institution called by any other name, which is established and maintained for the reception and care of women or children.

(3) Whoever, commits rape on a woman under sixteen years of age shall be punished with rigorous imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine:

Provided that such fine shall be just and reasonable to meet the medical expenses and rehabilitation of the victim:

Provided further that any fine imposed under this sub-section shall be paid to the victim.

**(૧૬)** આ કામે પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.ની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ-૩, ૪ મુજબના ગુનાના આક્ષેપો છે. જે ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદો તપાસવામાં આવેલાં છે.

**<u>(૧૭) પંચ સાહેદ નં. ૧, ૨ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ નવઘણભાઈ પોપટજી ઠાકોરને આંક : ૦૮ થી તથા

પંચ સાહેદ મોડજી ખેંગારજીને આંક–૧૦ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેમને માર્ક–૫/૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આ સહી તેઓએ ત્રણ ચાર મહીના પહેલા સાંજે ૫:૦૦ વાગે કરેલી. તેઓએ સરપંચના તથા સાહેબના કહેવાથી સહી કરેલી, અંદર શું લખાણ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. જે પંચનામુ આ કામે આંક–૦૯ થી રજુ કરવામાં આવેલ છે. તેઓએ સહી કરી ત્યારે રાજુભાઈ સરપંચ તથા બામરોલીના ગાંડાભાઈ હાજર હતા, જેમનું ખરેખર નામ મોડજી છે. જેઓ કોર્ટમાં હાજર છે તથા ભોગ બનનારના દાદી મઘુબેન તથા ભોગ બનનારની માતા જશોદાબેન હાજર હતા. પંચનામુ સાંજે ૬:૦૦ વાગે પુરુ થયેલ. તેમને જશોદાબેનના ઘરમાં પંચનામુ કર્યુ ત્યારે લઈ ગયેલા નહી. પંચનામાવાળી જગ્યાની ઉગમણી દિશાએ કુવો, આથમણી દિશાએ ખેતર, દક્ષિણ દિશાએ બામરોલી ગામમાં અને કેનાલે જવાનો રસ્તો છે, ઉત્તરે ખેતર આવેલ છે.

સદર પંચસાહેદોએ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, આ પંચનામામાં સહી કર્યા સીવાય બીજું કંઈ જાણતા નથી. તેઓએ સરપંચના કહેવાથી સહી કરેલી, તેમની હાજરીમાં કોઈ પંચનામુ લખેલ નથી કે તેમને વાંચી સંભળાવેલ નથી.

**<u>પંચસાહેદોના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં, તેઓ તેમની સરતપાસમાં, પંચનામામાં સહી તેઓએ ત્રણ ચાર મહીના પહેલા બામરોલી ગામે સાંજે ૫:૦૦ વાગે ભોગ બનનારના ઘરે કરેલી. તેઓએ સરપંચના કહેવાથી સહી કરેલી, અંદર શું લખાણ હતુ તે તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વઘુમાં સદર પંચ સાહેદોએ તેઓની ઉલટતપાસમાં, આ પંચનામામાં સહી કર્યા સીવાય બીજું કંઈ જાણતા નથી. તેઓએ સરપંચના કહેવાથી સહી કરેલી, તેમની હાજરીમાં કોઈ પંચનામુ લખેલ નથી કે તેમને વાંચી સંભળાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતને સમર્થન મળતુ નથી તેમજ સદર પંચ સાહેદની જુબાનીથી રજુ કરવામાં આવેલ પંચનામુ સાબીત થયેલ માની શકાય નહી તેમ હું માનુ છુ.

**<u>(૧૮) સાહેદ નં.૩ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે સાહેદ મધુબેન ચતુરભાઈ દંતાણીને આંક–૧૨ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને બે દીકરા નામે લાલો અને સંમત છે અને દીકરીઓમાં રમીલા, જશોદા, હંસા અને રેખાબેન છે. જશોદાને દુધઈ પરણાવેલી અને ત્યારબાદ તેના છુટાછેડા લીધેલા અને આ જશોદાની ભાણી કાજલને તેઓ પાસે રાખેલી. ગઈ સાલ ભાદરવા મહીનામાં તેમની ભાણી કાજલને સાંજના સમયે જીલીભા દરબારને ત્યાં દુધ લેવા મોકલેલી પરંતુ કાજલ પાછી ઘરે ન આવતા તેમની પુત્રી જશોદાને પણ શોધવા ગયેલ અને ગામમાં શોધતા મળેલી નહી પરંતુ અગાઉ પણ ભાદરવા મહીનામાં લોકો ચાલતા અંબાજી જાય છે તે વખતે આ મનાજી બળદેવજી લઈ ગયેલ અને ત્રણ દિવસે મળી આવેલ અને આ બનાવમાં જે દુધ લેવા માટે કાજલ ગયેલી તે મહા મહીનામાં ગયેલી. તેઓ આ મહા મહીનામાં આરોપી કાજલને લઈ ગયેલ. જેથી તેમને પુરો શક હતો અને તે વખતે પચ્ચીસેક દિવસ બાદ તેમનો પુત્ર લાલો ગુજરી ગયેલ અને તે દિવસે પોલીસ વાળા તેમની ભાણી કાજલને મુકી ગયેલ. કાજલને મહા મહીનામાં આરોપી ઉપાડી ગયેલો તે દિવસે લીલા કલરનો ડ્રેસ કાજલે પહેરેલો હતો. જશોદાએ ફરીયાદ આપેલી. આરોપી હાજર છે અને તેમના ગામનો હોવાથી ઓળખે છે. પોલીસે તેમનો જવાબ લીધેલો. બનાવ વખતે કાજલની ઉંમર અઢાર વર્ષમાં ત્રણ મહીના ખુટતા હતા.

સદર સાહેદની બચાવ પક્ષે ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

**<u>સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આમ, સાહેદના પુરાવાની ઉપરોક્ત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, સદર સાહેદ તેમની સરતપાસમાં તેઓને આરોપી ઉપર શક હોવાથી જશોદાએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી હોવાની હકીકત જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાની જોતાં આરોપી ધ્વારા તેની દીકરીને ભગાડી ગયેલ હોય અને તેની સાથે જારકર્મ કરેલ હોય તે બાબતે કોઈ પુરાવો હાલના સાહેદની જુબાનીમાંથી રેકર્ડ ઉપર આવતો નથી. આમ, હાલના આરોપીને હાલના ગુનાના કામે સંડોવણી અંગે શંકા ઉપસ્થિત થાય છે જેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

**<u>(૧૯) પંચ સાહેદ નં. ૪ તથા ૫ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે પંચ સાહેદ કનુજી મફાજી ઠાકોરને આંક : ૨૨ થી તથા પંચ સાહેદ રવાજી વરવાજી ઠાકોરને આંક–૨૫ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેઓને નિશાની ૫/૯ તથા નિશાની ૫/૧૦ વાળા પંચનામાં બતાવતા તેમાં પંચ નં.૧ તથા પંચ નં.૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક:૨૩ તથા આંક–૨૪ થી તે પંચનામા આ કામે રજુ રાખેલ છે.

ફરિયાદ પક્ષ તરફે આ પંચસાહેદો આંક–૨૩ તથા આંક–૨૪ વાળા પંચનામાની હકીકતોને સમર્થન આપતાં ન હોય ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલા છે અને તેઓની ઊલટ તપાસ કરતાં તેઓ પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપતાં નથી.

સદર પંચસાહેદોએ તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં તેઓ એ હકીકત સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર પંચનામામાં ફકત સહી કરેલી તે સિવાય તેમની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી થયેલી નહી.

**<u>પંચસાહેદોના પુરાવાનું વિશ્લેષણ:</u>**

સદર પંચસાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો જોતાં તેઓને પોલીસે પંચનામામાં માત્ર સહી લીધેલી. તે સિવાયની કોઈ પણ હકીકતને સમર્થન કરતો પુરાવો રજૂ કરેલો નથી. તેઓની હાજરીમાં કોઈ પંચનામું કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી આંક :૨૩ તથા આંક–૨૪વાળા પંચનામાં સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**<u>(૨૦) ભોગ બનનાર સાહેદ નં.૬ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે ભોગ બનનાર સાહેદને આંક–૨૬ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ બાબતે આશરે છ–સાત વર્ષ પહેલા તેમની માતાએ પોલીસમાં ફરીયાદ લખાવેલી. તેઓ ઘરે કહ્યા વગર જાતે જ ઘરેથી જતી રહેલી. કોઈ ઈસમ સાથે તેણી ઘરની બહાર કયારેય ગયેલ નહી. ઘર છોડીને તેની સાથે કયાંય રોકાયેલી નહી તેમજ આવા કોઈ યુવકે તેમની સાથે રહીને શરીર સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નહી. તેણીને કોઈપણ પ્ર કારની લાલચ કે પ્રલોભન આપેલ હોય તેવુ પણ બનેલ નહી. પોલીસે તેમના કપડા કબજે કરેલા કે કેમ તે તેમને યાદ નથી. તેમને કપડા બતાવતા તેઓ ઓળખી શકતા નથી. એક

માસ સગા–વહાલાઓના ઘરે થોડા થોડા દિવસ રહીને એક માસ પછી તેણી પરત ઘરે આવેલી. ત્યારબાદ તેમની માતાએ ફરીયાદ કરેલી હોય પોલીસ સ્ટેશને તેમને જવાનું થયેલુ. પોલીસ તેમને કોઈ સરકારી દવાખાને લઈ ગઈ હોય તેવુ તેમને યાદ નથી. આરોપીને તેણી ઓળખે છે. તેમને જાવક નં.૭૨/૧૮ ના પત્ર સાથે આવેલ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન બતાવવામાં આવે છે. જેના અંતે તેમનો અંગુઠો બતાવતા તેઓ ઓળખે છે. જે નિવેદન તથા કવરીંગ લેટરને સંયુકત આ કામે આંક–૨૭ થી રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે ભોગ બનનાર તેઓના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્બારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્બારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત ભોગ બનનારનો પુરાવો ઘ્યાને લેતાં, ફરિયાદ પક્ષ પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

ભોગ બનનાર તેઓની બચાવ પક્ષે થયેલ ઊલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેણીની વર્ષ અઢાર વર્ષ ઉપર હતી. તેણીના ઘરના લોકો તેની મરજી વિરુઘ્ધ તેના લગ્ન કરાવવા માંગતા હતા તેથી તેણી કોઈને કહયા વગર ઘર છોડીને જતી રહેલી અને તેની બહેનપણીના ઘરે એક મહીના જેવુ રોકાઈને જાતે ઘરે પાછી આવી ગયેલી. તેણીને કોઈ ભગાડી ગયુ હોય કે તેની જોડે બળજબરી કરી હોય કે લોભ લાલચ આપેલી હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી કોઈને કહયા વગર જતી રહેલી તેથી તેની માતાએ શંકાના આધારે ફરીયાદ આપેલી અને તે ફરીયાદના કામે મારે પોલીસ સ્ટેશને જવાનું થયેલુ. તેણીએ પોલીસમાં તેમના કોઈ કપડા રજુ કરેલા નહી. તેણીએ ડોકટર રૂબરૂ કોઈ હીસ્ટ્રી આપેલ નથી. તેણી પોલીસ સ્ટેશન હાજર થઈ ત્યારબાદ તેમનો જવાબ લખાવવા જજ સાહેબ સામે તેણીને હાજર કરેલ પંરતુ તેને જવાબ લખાવવો નથી તેવુ તેણીએ જણાવેલ.

**<u>ભોગ બનનાર સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આ કામે સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં ભોગ બનનારે તેમની જુબાનીમાં, બનાવ બાબતે આશરે છ–સાત વર્ષ પહેલા તેમની માતાએ પોલીસમાં ફરીયાદ લખાવેલી. તેઓ

ઘરે કહ્યા વગર જાતે જ ઘરેથી જતી રહેલી. કોઈ ઈસમ સાથે તેણી ઘરની બહાર ક્યારેય ગયેલ નહી. ઘર છોડીને તેની સાથે ક્યાંય રોકાયેલી નહી તેમજ આવા કોઈ યુવકે તેમની સાથે રહીને શરીર સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નહી. તેણીને કોઈપણ પ્ર કારની લાલચ કે પ્રલોભન આપેલ હોય તેવુ પણ બનેલ નહી. પોલીસે તેમના કપડા કબજે કરેલા કે કેમ તે તેમને યાદ ન હોવાની હકીકત જણાવે છે. તેમજ તેઓ તેમની ઉલટતપાસમાં, બનાવ સમયે તેણીની વર્ષ અઢાર વર્ષ ઉપર હતી. તેણીના ઘરના લોકો તેની મરજી વિરુધ્ધ તેના લગ્ન કરાવવા માંગતા હતા તેથી તેણી કોઈને કહ્યા વગર ઘર છોડીને જતી રહેલી અને તેની બહેનપણીના ઘરે એક મહીના જેવુ રોકાઈને જાતે ઘરે પાછી આવી ગયેલી. તેણીને કોઈ ભગાડી ગયુ હોય કે તેની જોડે બળજબરી કરી હોય કે લોભ લાલચ આપેલી હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. તેણી કોઈને કહ્યા વગર જતી રહેલી તેથી તેની માતાએ શંકાના આધારે ફરીયાદ આપેલી અને તે ફરીયાદના કામે મારે પોલીસ સ્ટેશને જવાનું થયેલુ. તેણીએ પોલીસમાં તેમના કોઈ કપડા રજુ કરેલા નહી. તેણીએ ડોકટર રૂબરૂ કોઈ હીસ્ટ્રી આપેલ નથી. તેણી પોલીસ સ્ટેશન હાજર થઈ ત્યારબાદ તેમનો જવાબ લખાવવા જજ સાહેબ સામે તેણીને હાજર કરેલ પંરતુ તેને જવાબ લખાવવો નથી તેવુ તેણીએ જણાવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદરહું ભોગ બનનાર સાહેદની જુબાનીથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેટલો પુરાવો આવેલ નથી. તેમજ હાલના સાહેદ ભોગ બનનાર જેઓને ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોય ફરીયાદપક્ષ ધ્વારા તેને વિમુખ કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપવામાં આવેલ છે ત્યારે તે ઉલટતપાસમાં પણ હાલના આરોપીને સંડોવતો કોઈપણ પ્રકારનો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી તેમજ તેણીને મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદન પણ નોંધાવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરતી નથી તથા જયારે ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણીને આરોપીએ તેણી સગીર વયની હોવા છતાં લલચાવી, ફોસલાવી, ભગાડી લઈ જઈ તેણીની સાથે જારકર્મ કરેલા હોવાની હકીકત પણ સ્વીકારતી નથી ત્યારે તેણીના પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરી શકેલા નથી તેમ હું માનું છું.

**<u>(૨૧) ફરીયાદી સાહેદ નં.૭ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે ફરીયાદી સાહેદ જશોદાબેન ગણપતભાઈ દંતાણીને આંક : ૨૮ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેમને સંતાનમાં એક

દીકરી છે. આશરે સાત–આઠ વર્ષ પહેલા તેમની દીકરી ઘરમાં ન મળી આવતા તેઓએ શોધખોળ કરેલી પરંતુ તેમની દીકરી ન મળી આવતા પોલીસમાં ફરીયાદ કરેલી. તે વખતે તેમની દીકરીની ઉંમર કેટલી હતી તેની તેમને ખબર નથી. તેમની દીકરી ન મળી આવતા ગામમાં તથા સગા–વ્હાલાઓમાં પુછપરછ તથા શોધખોળ કરેલી. શોધખોળ દરમ્યાન ગામના કોઈ ઈસમે તેને કોણ લઈ ગયુ છે, કયાં લઈ ગયુ છે તે અંગે જાણવા મળેલુ નહી. આરોપીને તેઓ ઓળખે છે. તેમને નિશાની ૫/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમનો અંગુઠો બતાવતા ઓળખી બતાવે છે. જે ફરીયાદ આ કામે આંક–૨૯ થી રજુ કરવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે ખુદ ફરીયાદીએ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય, વિ. એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરી, ઊલટ તપાસ કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામાં આવેલ છે. વિ. એ. પી. પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ ફરીયાદની હકીકતને સમર્થન મળે તેવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, ઉપરોક્ત ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ ફરીયાદની હકીકતને પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

બચાવપક્ષ તરફે સદર ફરીયાદી સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના અરસામાં તેમની દીકરીની સગાઈની વાત ચાલતી હતી. તેમની દીકરી તે સમયે લગ્ન કરવા માંગતી ન હતી. તેમની દીકરી ઘરેથી કહયા વગર નીકળી ગયેલી અને આજુબાજુમાં તેમજ સગા–વ્હાલામાં તપાસ કરતાં મળી આવેલ નહી તેથી તેઓએ તેમની દીકરી ગુમ થયા અંગેની ફરીયાદ લખાવેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઈ વ્યકિત તેમની દીકરીને લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હોય તેવુ બનેલ નહી. તેમની દીકરી સાથે કોઈએ દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેણી અભણ છે. પોલીસે લખેલી ફરીયાદમાં તેમનો અંગુઠો કરાવેલો. પોલીસે સદર ફરીયાદ તેમને વાંચી, સંભળાવેલી નહી. તેઓએ તેમની દીકરીની ઉંમર અંગેનો કોઈ પુરાવો પોલીસને આપેલો નહી.

**<u>ફરીયાદી સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદીએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને હોસ્ટાઈલ

જાહેર કરેલ છે. વધુમાં સદર ફરીયાદીએ તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ,બનાવના અરસામાં તેમની દીકરીની સગાઈની વાત ચાલતી હતી. તેમની દીકરી તે સમયે લગ્ન કરવા માંગતી ન હતી. તેમની દીકરી ઘરેથી કહયા વગર નીકળી ગયેલી અને આજુબાજુમાં તેમજ સગા–વ્હાલામાં તપાસ કરતાં મળી આવેલ નહી તેથી તેઓએ તેમની દીકરી ગુમ થયા અંગેની ફરીયાદ લખાવેલી. કોઈ વ્યકિત તેમની દીકરીને લલચાવી, ફોસલાવી ભગાડી ગયો હોય તેવુ બનેલ નહી. તેમની દીકરી સાથે કોઈએ દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ નહી. તેણી અભણ છે. પોલીસે લખેલી ફરીયાદમાં તેમનો અંગુઠો કરાવેલો. પોલીસે સદર ફરીયાદ તેમને વાંચી, સંભળાવેલી નહી. તેઓએ તેમની દીકરીની ઉંમર અંગેનો કોઈ પુરાવો પોલીસને આપેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપતા નથી. જેથી સદર ફરીયાદ બાબતે શંકા ઉપસ્થિત થાય છે જેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આમ, સદર સાહેદની જુબાનીથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય તેટલો પુરાવો આવેલ નથી. જેથી તેઓના પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરી શકેલા નથી તેમ હું માનું છું.

**<u>(૨૨) તબીબ સાહેદ નં. ૮ નો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે તબીબ સાહેદ ડૉ.નિખીલભાઈ અંબાલાલ આનંદને આંક : ૩૫ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, હાલ તેઓ ગાંધીનગર સીવીલ હોસ્પીટલમા છેલ્લા દોઢ વર્ષથી ગાયનોકોલોજીસ્ડટ તરીકે ફરજ બજાવે છે. તે અગાઉ સોલા સીવીલ હોસ્પીટલમા ૨૦૧૮ ફરજ પર હતો તે દરમ્યાન ભોગબનનાર ઉ.વ. ૧૭નાને દેત્રોજ પોલીસસ્ટેશનની યાદી સાથે પ્રથમ તા. ૧૩.૦૨.૨૦૧૮ના રોજ સાંજે ૭.૩૫ કલાકે રજુ થવા પામેલા પરંતુ તેમની હોસ્પીટલના ડોક્ટરશ્રી એ ભોગબનનનારને દાખલ થવાનુ કહેતા તેઓ રોકાયેલા નહી પરંતુ તે બીજે દીવસે આવવાનુ ભોગબનનારે તેઓ તથા પોલીસને જણાવેલુ જેથી તેઓ બીજા દીવસે પોલીસ યાદી સાથે ૧૪.૦૨.૨૦૧૮ના રોજ શારિરીક તપાસણી માટે તેમની હોસ્પીટલમા લાવેલા. તેઓની પ્રાથમીક તપાસ દેત્રોજ સી.એચ.સી. ખાતે થવા પામેલી અને ફેરબદલીફોર્મ સાથે ભોગબનનાર તેમની હોસ્પીટલમા રીફર થવા પામેલા. તેમની હોસ્પીટલના ડો. કે.એ. પટેલનાએ પ્રાથમિક તપાસ કરેલી ત્યારબાદ વધુ તપાસણી માટે તેમની તરફ ભોગબનનારને મોકલી આપેલા. તેમની ભોગબનનારે હીસ્ટ્રીમા જણાવેલ કે, '' હુ મનુ ને છેલ્લા બે વર્ષથી ઓળખુ છુ, અમારી વચ્ચે પ્રેમસંબંધ છે અને એકબીજા સાથે ૧૧.૦૨.૨૦૧૮ના રોજ ઘરેથી ભાગી જઇ ત્યા ખેતરમા રોકાયેલા. પછી ત્યાથી કડી, હીંમતનગર વગેરે સ્થળોએ ગયેલા. અને તા.

૧૩.૦૨.૨૦૧૮ના રોજ પોલીસ સ્ટેશને હાજર થયેલા. આ દરમ્યાન અમે એક બીજાની સંમંતીથી કોઇ જોર જબરજસ્થી વગર શારિરીક સંબંધ બાંધેલો હતો. આ હુ સંપુર્ણ હોશહવાસમા કહુ છે તે બાબતે ભોગબનનારે અંગુઠો કરેલો. શારીરિક તપાસણી સમયે ભોગબનારના માતા હાજર હતા અને તેમને પણ અંગુઠો કરી તપાસણી માટે મંજુરી આપેલી હતી. તેના લગ્ન થયેલા ન હતા. તેમની છેલ્લી માસીકની તારીખ ૧૧.૦૨.૨૦૧૮ હતી અને માસીક નીયમીત હતુ. તેમને પ્રથમ માસીક લગભગ ૧૬ વર્ષની ઉમરે આવેલુ. તેમનો છેલ્લો શારિરીક સંબંધ તા. ૧૧.૦૨.૨૦૧૮ના રોજ રાત્રે થયેલ. તેમનુ છેલ્લુ સ્નાન ૧૧.૦૨.૨૦૧૮ના રોજ સવારે થયેલુ. તેમને આજે સવારે તા.૧૪.૦૨.૨૦૧૮ના રોજ પેશાબ કરેલ. તેમનો છેલ્લો ઝાડો તા. ૧૨.૦૨.૨૦૧૮ના રોજ થયેલ. તેમને કપડા બદલાવેલ હતા અને પોલીસે કબજે લીધેલ હતા. શારીરીક જોરજબરજસ્થીની કોઇ હીસ્ટ્રી નથી, કોઇ દવા પીવડાવાની હીસ્ટ્રી નથી અને કોઇ ગર્ભનીરોધક સાધનો વાપરેલ નથી. તેનીને સ્ત્રીરોગ નિષણાંત તરીકે મે તપાસતા તેનીના સેકન્ડરી સેક્સ્યુઅલ કૅરેક્ટર વિકસીત હતા, સ્તન વિકસીત હતા, બગલના વાળ કાળા આછા હતા અને સ્તન પર કોઇ ઈજાના નિશાન ન હતા. ગુપ્તભાગે કોઈપણ પ્રકારની ઈજાના ચિન્હો ન હતા. ગુપ્તભાગે કાળા વાળની હાજરી હતી પણ ચોંટેલા ન હતા. તેનીનુ યોનીપટલ જુનુ તુટેલુ હતુ. યોનીપટલ પર કોઇ પણ પ્રકારના ઈજાની ચિન્હો ન હતા. અંદરના ભાગે પણ કોઇ પણ પ્રકારના ઈજાના ચિન્હો ન હતા. મે તેમને સોનોગ્રાફી કરાવવાનુ અને ગર્ભ ન રહી જાય તે માટે ગોળીઓ આપેલી તથા તેમને કઇ તકલીફ ભવિષ્યમા થાય તો તે દેખાડવા આવવા સમજાવેલુ.'' આજ રોજ તેમની સાથે એમએલસી ૯૩૫/૨૦૧૮નુ સર્ટીની ઓફીસ કોપી તથા સોલા સિવિલ હોસ્પીટલનો ઓપીડી કેસ પાના ૪ તથા સોનોગ્રાફી રીપોર્ટ, એક્સ રે રીપોર્ટ અને ૨ એક્સરે, ફેરબદલી ફોર્મ તથા સીપીઆઇ વિરમગામની ભોગબનનારની શારીરિક તપાસણી કરવા દેત્રોજ સીએચસીને લખેલ ચાદી લાવેલ છે તથા તેમની હોસ્પીટલને સંબોધીને તપાસ કરનાર અધિકારી યુ.જી.શાહે ભોગબનનારનુ મેડીકલ સર્ટી લેવા લખેલ ચાદી લાવેલ છે જે તમામ સંયુક્ત આ કામે આંક–૩૬ થી રજુ કરવામાં આવેલ છે.

સદર તબીબ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારને પોલીસ ચાદી સાથે લાવેલા. ભોગ બનનારના શરીરના કોઈપણ ભાગે તાજા કે બળજબરીના ઈજાના નિશાન ન હતા. એ વાત તેઓ કહી શકતા નથી કે ભોગ બનનાર મજબુત બાંધાના અને દેખાવે ૧૮ વર્ષની ઉંમરના હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, યોનીપટલ સાયકલીંગ કે દોરડા કુદવાથી તુટી શકે છે.

**<u>તબીબ સાહેદના પુરાવાનું વિશ્લેષણ:</u>**

આમ, તબીબ સાહેદના સોગંદ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, તેઓએ ભોગ બનનારની શારીરિક તપાસ કરેલ હોવાનું જણાચ આવે છે તેમજ ભોગ બનનારની શારીરીક

તપાસણી સમયે ભોગ બનનારના માતા હાજર હતા અને તેમને પણ અંગુઠો કરી તપાસણી માટે મંજુરી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, સદરહુ તબીબ સાહેદે તેઓની ફરજની રૂએ કરવાની થતી તમામ કામગીરી કરેલ હોવાનું તેઓની સોગંદ ઉપરની જુબાની ઉપરથી જણાય આવે છે. વધુમાં જયારે ભોગ બનનારની જુબાની જોતાં પણ હાલના તબીબ સાહેદની જુબાનીના આધારે હાલના ગુનાના કામે હાલના આરોપીને સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો ન હોઈ અને શંકા ઉત્પન્ન થતી હોય જેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે તેમ હું માનુ છુ.

**<u>(૨૩) તપાસ કરનાર અધિકારીનો પુરાવો :</u>**

ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારી ઉજમસીંહભાઈ ગોવિંદભાઈ શાહને આંક–૩૭ થી સોગંદ ઉપરનો પુરાવો લેવામાં આવેલો છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૨૦.૦૧.૨૦૧૮ના રોજ તેઓ વિરમગામ સર્કલ પો.ઈન્સ. તરીકે નોકરી કરતો હતો. તે દરમ્યાન દેત્રોજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૦૨/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬ મુજબનો ગુનો દાખલ થયેલ. તેની આગળની તપાસ તેઓને સોંપેલ. જેમા એફ.આઈ. આર. જોતા દેત્રોજ પો.સ્ટે. ના બામરોલી ગામે બનાવ બનેલ. જેમા ફરીયાદી જશોદાબેન દંતાણી જેઓએ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે પોતાની સગીરવયની દીકરીને લલચાવી ફોસલાવી આજ ગામનો મનાજી બળદેવજી ઠાકોર જારકામ કરવાના ઈરાદે પોતાના કાયદેસરના વાલીપણામાથી ભગાડી લઈ ગયેલાની હકીકત હોય તે એફ.આઈ.આર. લઈ વંચાણે કામમા સામેલ રાખેલી. બાદ આ કામે બનાવવાળી જગ્યાએ આવી ફરીયાદીને મળી બે પંચો બોલાવી પંચોના લખાવ્યા મુજબ બનાવવાળી જગ્યાનુ પંચાનામુ કરી પંચોની સહી લઈ તેમની સહી કરી વાંચી સંભળાવી કામમા સામેલ રાખેલ. બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવેલ. તેમજ ભોગબનનારનુ જન્મ અંગેનુ પ્રમાણપત્ર શાળામાથી મેળવી જે કામે સામેલ રાખેલ. બાદ આ કામે આ કામના આરોપી સ્વખુશીથી પો.સ્ટે. રજુ થતા બે પંચો બોલાવી પંચનામાની વીગતે મુજકુરનુ શરીરસ્થિતીનુ પંચનામુ કરી મજકુરને ધોરણસર અટક કરેલ તેમજ તેને રજુ કરેલ કપડા પંચાનામાની વિગતે પંચોની સહી લઈ કાપલી ચોળી તપાસ અર્થે કબજે કરેલ. તેમજ લાગતા વળગતા રજીસ્ટરે દાખલો રાખી ફોટા, ફીંગર મેળવી મજકુરને મેડીકલ ચેકઅપ કરાવી નિયમમુજબના નમુના મેળવેલા. ત્યારબાદ મજકુરનુ નિવેદન લઈ રીપોર્ટ સાથે કોર્ટમા રજુ કરેલ. બાદ આ કામે ભોગબનનાર બહેન પો.સ્ટે. આવતા તેઓનુ મહીલા કોન્સ્ટેબલ રુબરુ નિવેદન લઈ તેમજ મજકુર બેહેને રજુ કરેલ કપડા કબજે લેવામા આવેલા તેમજ ભોગબનનાર બહેનનુ દેત્રોજ જયુ.ફ.મે.જી. રુબરુ સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનુ નીવેદન લેવા તજવીજ કરવામા

આવેલી. તેમજ મજકુર બહેનને તેના મમ્મીને સોંપી આપેલ. ત્યારબાદ લીધેલ સેંપલો અમદાવાદ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલા. ભોગબનનારની ઉમર ૧૭ વર્ષ ૧૭ મહીનાની હતી. તપાસના કામે ઇ.પી.કો. ૩૭૬ તથા પોક્સો કલમ ૩,૪ ઉમેરવાની યાદી તેઓએ નામદાર કોર્ટમા આપેલી. તેમને નિ. ૫/૧ આ ગુનાનુ સુચીપત્ર પી.એસ.ઓ. એ તૈયાર કરેલુ તેજ છે જે આ કામે આંક ૩૮ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૩ ભોગબનનારનો જન્મનો દાખલો તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે જે આ કામે આંક–૩૯ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૫ ભોગબનનારનુ સી.આર.પી.સી. ૧૬૪ નુ નિવેદન લેવા પાઠવેલ યાદી બતાવતા તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક–૪૦ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૬ ભોગબનનારની શારીરિક તપાસણી તથા જરુરી નમુના લેવા લખેલી યાદી બતાવવામા આવે છે જેમા તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક–૪૧ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૭ ફેરબદલી ફોર્મ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે આ કામે આંક–૪૨ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૮ ઇ.પી.કો. કલમ ૩૭૬ તથો પોક્સો એક્ટ કલમ ૩,૪નો ઉમેરો કરવા તેઓએ લખેલ રીપોર્ટ બતાવવામા આવે છે જેમા તેમની સહી બતાવતા ઓળખે છે. જે આ કામે આંક–૪૩ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૧૧ મુદ્દામાલ રવાનગી નોંધ તથા સતા અંગેનુ પ્રમાણપત્ર મને બતાવતા તેમની સહી ઓળખે છે. જે આ કામે આંક–૪૪ થી રજુ કરવામાં આવેલ છે. તેમને નિ. ૫/૧૨ એફ.એસ.એલ.ને મળેલ મુદ્દામાલની પહોંચ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે આ કામે આંક–૪૫ થી રજુ કરવામાં આવેલ છે. તેમને આંક ૯,૨૩,૨૪ના પંચનામા બતાવવામા આવે છે જે પંચોના લખાવ્યા મુજબ તેમના રુબરી લખી લેવામા આવેલા. તમામ પંચાનામા તેઓના રુબરુપણામા સહી બતાવતા ઓળખે છે. તેમને આંક ૨૯ વાળી ફરીયાદ તપાસના કામે વંચાણે લઇ આ ગુનાની તેઓએ તપાસ સંભાળેલી. આંક ૨૯ વાળી ફરીયાદમા પી.એસ.આઇ. કે.જે. વણકરની સહી બતાવતા ઓળખે છે. પુરતા પુરાવા હોય આ ગુનાનુ ચાર્જશીટ તેઓએ કરેલુ. પંચનામાની વિગતે કબજે કરેલ ભોગબનનાર તથા આરોપીના કપડા બતાવતા ઓળખે છે. આરોપી કોર્ટમા હાજર છે જેને ઓળખે છે. તેઓએ સાહેદ ભોગબનનાર ગણપતભાઇ દંતાણીનુ તા.૧૩/૦૨/૨૦૧૮ ના રોજ નિવેદન નોંધેલુ તેઓ રુબરુ તેમને લખાવેલ કે, '' બનાવ પહેલાના બે વર્ષથી હુ આરોપી મનાજીને ઓળખતી હતીઈ તે મને ભગાડીને ગાંધીનગર મહેશભાઈ ઠાકોરના ત્યાં મોટી આદરેજ ગામે લઈ ગયેલો ત્યાં અમો રોકાયેલા. ત્યાંથી અમો અમદાવાદ અને કલોલ ગયેલા. બાદમાં ત્યાંથી ગાંધીનગર રેલવે સ્ટેશન ગયેલા અને ટ્રેનમાં બેસીને કડી આવેલા. કડીથી ભોચણી ગામે મનાજીની બેન ગંગાબેનના ખેતરમાં રોકાયેલા. ત્યાં મનાજીના બનેવી આવેલા અને મારી માતાને બોલાવી મને પાછી સોંપેલી. મનાજીએ મને ફોન કરીને જણાવેલ કે હુ નોકરી કરુ છુ તને નવા કપડા, દાગીના લઈ આપીશ અને તને તારા ઘરે જવા દઈશ નહી તેવું

કહેલું. મનાજીએ મને લાલચો આપેલી તેથી હુ તેની સાથે જવા તૈયાર થઈ ગયેલી. ત્યારબાદ મનાજી મારા ઘરે આવેલ અને સામાન્ય અંધારા જેવું હતુ ત્યારે મને લઈ બામરોલ થી બાલસાસણના ખેતર બાજુ લઈ જઈ અમે રોકાયેલા. મનાજીએ મારી સાથે જબરદસ્તી કરતા મારી સાથે ખરાબકામ ના કરશો મારી ઉંમર નાની છે. પરંતુ મનાજીએ મને લલચાવીલ ફોસલાવી મારી સાથે શરીર સંબંધ બાંધેલો. અમે બે દિવસ ત્યા રોકાઈને કડી ગયેલા, ત્યારબાદ ભીલોડા ગયેલા. ચિતરીયા ગામે જઈ પ્રકાશભાઈ નીનામા મળતા તેમણે મજૂરી કામ શોધી આપેલુ અને તેમના ખેતરમાં દસ દિવસ રોકાયેલા. બનાવ સમયે પહેરેલા કપડા પોલીસ સ્ટેશને આવ્યા બાદ પોલીસે કબજે લીધેલા અને પોલીસે મારી ડોકટરી તપાસ કરાવેલી. આરોપી મને લલચાવી, ફોસલાવી ભગાડી લઈ જઈ મારી ઉંમર નાની હોવા છતાં મારી સાથે દુષ્કર્મ કરેલ છે.''

તપાસ કરનાર અધિકારીની બચાવ પક્ષે થયેલ ઊલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ તેઓ રૂબરૂની ન હતી.

**<u>તપાસ કરનાર અધિકારીના પુરાવાનું વિશ્લેષણ:</u>**

તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લેતાં તેઓએ પંચનામાઓ કરેલાં, નિવેદનો મેળવેલા, F.S.L.માં મુદ્દામાલ મોકલી આપેલાં. ભોગ બનનારનુ જન્મનું પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખેલ હોવાની હકીકત જણાવે છે. જયારે સદર ત.ક.અમલદાર તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદ તેઓ રૂબરૂની ન હતી. આમ, આ કામના તપાસ કરનાર અધિકારીની સમગ્ર જુબાની જોતાં તેઓ સમગ્ર તપાસની હકીકતોને સમર્થન આપે છે. વધુમાં હાલના કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો જોતાં તથા તે સાથે ભોગ બનનારની જુબાની જોતાં સદરહું દસ્તાવેજો ફરીયાદપક્ષને આરોપી સામેનો ગુનો પુરવાર કરવામાં મદદરૂપ થતા નથી. આમ, હાલના સાહેદની જુબાનીના આધારે હાલના ગુનાના કામે આરોપીને સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો માની શકાય નહી અને ફરિયાદ પક્ષ દ્વારા જે ભોગ બનનાર તથા તેના સગા સંબંધી ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી. જે સંજોગોમાં તપાસ કરનાર અધિકારીની જુબાની જોતાં આરોપીને સજા કરી શકાય તેવો લેશમાત્ર પુરાવો જણાતો નથી તેમ હું માનુ છુ.

**(૨૪)** આ કામના આરોપી સામે પોકસો એકટ તેમજ ઈ.પી.કોડની જોગવાઈ અન્વયે ગુન્હો નોંધાયેલા છે. પોકસો એકટની કલમ–૨ (ડી) અન્વયે બાળકની વ્યાખ્યા

કરવામાં આવેલ છે, જેમાં કોઈપણ વ્યકિત જે ૧૮ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી હોય તે વ્યકિતને બાળક ગણાય છે. જે સંજોગોમાં જયાં સુધી ભોગ બનનાર ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હતી તેવું ફરિયાદ પક્ષ સાબિત ન કરે ત્યાં સુધી પોકસો એકટની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહીં. તેથી પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હતી તે પ્રસ્થાપિત થવું જરુરી છે. જે અંગે રજુ કરવામાં આવેલ આંક–૩૯ વાળુ જનમ તારીખનો દાખલો તથા આંક–૨૯ વાળી ફરીયાદ ધ્યાને લેતાં ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષથી ઓછી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**(૨૫)** આ કામે ભોગ બનનારને તથા તેના કુટુંબના સભ્યોને ઉપર ચર્ચા કર્યા મુજબની જુબાનીઓ ધ્યાને લેતાં ભોગ બનનાર તથા તેના કુટુંબના વ્યકિતઓ, ભોગ બનનાર ઘરેથી કોઈને કહયા વગર જતી રહેલી, તેઓ બધાએ શોધખોળ કરેલી પરંતુ તે મળી આવેલ નહી. આ કામની ફરિયાદ ભોગ બનનાર મળી આવેલ નહીં તેથી તેમની માતાએ આપેલાનું જણાય છે અને આમ જયારે ફરિયાદ પક્ષે તપાસેલા કોઈપણ સાહેદો આ કામના આરોપી ભોગ બનનારને બળજબરીથી લઈ ગયેલા તેવું જણાવતા ન હોય ત્યારે આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરેલ હોય તેવું પ્રસ્થાપિત થતું નથી. તેમજ ભોગ બનનાર ખુદ પોતાની જુબાનીમાં એવું જણાવતા હોય કે , તેઓ ઘરે કહયા વગર જાતે જ ઘરેથી જતી રહેલી. કોઈ ઈસમ સાથે તેણી ઘરની બહાર કયારેય ગયેલ નહી. ઘર છોડીને તેની સાથે કયાંય રોકાયેલી નહી તેમજ આવા કોઈ યુવકે તેમની સાથે રહીને શરીર સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નહી. તેણીને કોઈપણ પ્ર કારની લાલચ કે પ્રલોભન આપેલ હોય તેવુ પણ બનેલ નહી. પોલીસે તેમના કપડા કબજે કરેલા કે કેમ તે તેમને યાદ નથી. એક માસ સગા–વહાલાઓના ઘરે થોડા થોડા દિવસ રહીને એક માસ પછી તેણી પરત ઘરે આવેલી. ત્યારબાદ તેમની માતાએ ફરીયાદ કરેલી હોય પોલીસ સ્ટેશને તેમને જવાનું થયેલુ. પોલીસ તેમને કોઈ સરકારી દવાખાને લઈ ગઈ હોય તેવુ તેમને યાદ નથી. તેમને જાવક નં.૭૨/૧૮ ના પત્ર સાથે આવેલ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન બતાવવામાં આવે છે. જેના અંતે તેમનો અંગુઠો બતાવતા તેઓ ઓળખતા હોવાની હકીકત જણાવે છે. તેમજ સદર ભોગ બનનાર તેઓની ઉલટતપાસમાં, બનાવ સમયે તેણીની વર્ષ અઢાર વર્ષ ઉપર હતી. તેણીના ઘરના લોકો તેની મરજી વિરુધ્ધ તેના લગ્ન કરાવવા માંગતા હતા તેથી તેણી કોઈને કહયા વગર ઘર છોડીને જતી રહેલી અને તેની બહેનપણીના ઘરે એક

મહીના જેવુ રોકાઈને જાતે ઘરે પાછી આવી ગયેલી. તેણીને કોઈ ભગાડી ગયુ હોય કે તેની જોડે બળજબરી કરી હોય કે લોભ લાલચ આપેલી હોય કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. તેણી કોઈને કહયા વગર જતી રહેલી તેથી તેની માતાએ શંકાના આધારે ફરીયાદ આપેલી અને તે ફરીયાદના કામે મારે પોલીસ સ્ટેશને જવાનું થયેલુ. તેણીએ પોલીસમાં તેમના કોઈ કપડા રજુ કરેલા નહી. તેણીએ ડોકટર રૂબરૂ કોઈ હીસ્ટ્રી આપેલ નથી. તેણી પોલીસ સ્ટેશન હાજર થઈ ત્યારબાદ તેમનો જવાબ લખાવવા જજ સાહેબ સામે તેણીને હાજર કરેલ પંરતુ તેને જવાબ લખાવવો નથી તેવુ તેણીએ જણાવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ભોગ બનનારની તથા અન્ય રેકર્ડ પરના સાહેદોની જુબાની તથા મેડીકલ પેપર્સ જોતાં જયારે ફરીયાદ પક્ષ આરોપી સામે હાલના ગુનામાં સંડોવતો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, આરોપીએ ભોગ બનનાર ઉપર બળાત્કાર ગુજાર્યો હોય તેવું માની શકાય નહીં. આમ, અગાઉ ચર્ચા કર્યા મુજબ બળજબરીપૂર્વક ભોગ બનનારની મરજી વિરુધ્ધ કે ઈ. પી. કોડ કલમ–૩૭૫ ની વ્યાખ્યામાં આવે તેવી રીતે થયેલ હોય તેવું પ્રસ્થાપિત થતું નથી.

**(૨૬)** જેથી આ કામે ભોગ બનનારને કોઈ ભગાડી ગયેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, ભોગ બનનાર ઉપર આરોપીએ બળાત્કાર ગુજાર્યો હોય તે મુજબનો પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. તે મુજબ ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૩, ૪ મુજબનો કોઈ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૨૭)** આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબની આરોપી વિરુદ્ધ, આ કામના આરોપીએ તા.૧૧/૦૧/૨૦૧૮ ના કલાક ૧૮:૦૦ વાગે બામરોલી ગામેથી ફરીયાદીના ઘરેથી ફરીયાદીની સગીર વયની દીકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ વિજયનગર તાલુકો, જી.સાબરકાંઠાના ચિતરીયા ગામે લઈ જઈ બળાત્કાર કરી ગુનો કરી, આરોપીએ ઈ. પી. કો. ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ–૩, ૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ નિ:શંકપણે અને સક્ષમ, સબળ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં, જે પુરાવો રજૂ થયેલો

છે તેનાથી ફરિયાદની હકીકતે શંકા ઉપસ્થિત થાય છે. જે સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચાના આધારે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨**

**(૨૮)** ઉપરોક્ત તમામ હકીકતો લક્ષ્યમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ રીતે નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપેલ હોય અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવું છું.

**– : : આખરી હુકમ : : –**

**(૧)** આ કામના આરોપી **મનાજી બળદેવજી ઠાકોર** નાઓએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–ઈ.પી.કો.ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ– ૩, ૪ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૭(એ) હેઠળ નામ.કોર્ટ સમક્ષ હાજર થવા માટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)ના જામીન રજૂ કરવા.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવો.

હુકમ આજ **તા.૦૭મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૭/૦૪/૨૦૨૬
વિરમગામ

**( એચ. એ. ઉપાધ્યાય )**
૬ઠ્ઠાં એડિ. ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ,
તા.વિરમગામ, જિ.અમદાવાદ.
UID NO. GJ.00635

prchavda
p.a.